જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૧૭/૫/૨૦૧૫ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૯૯૬/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૨૧૦ લીટર દેશી દારૂ, ૫૪૦ બોટલ ઇગ્લીશ દારૂ, ૯૩૬ બીયર બોટલ, ૦૧ ઓટોરીક્ષા અને ૦૧ ટેન્કર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૯૫૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૯૭/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## અપહરણઃ- સમાચાર યાદી નં.૯૯૮/૧૫

બાપુનગર : રમીલાબેન મહેન્દ્રભાઇ પરમાર (રહે,ગુ.હા.બોર્ડ, બાપુનગર) એ તા.૧૬/૫/૧૫ રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૫/૧૫ સવારનાં ૯/૦૦ વાગ્યાના સુમારે બાપુનગર આનંદ ફ્લેટની બાજુમાંથી પોતાની પુત્રી કાજલ (ઉ.વ.૧૭)ને આરોપી રોહિતકુમાર બાબુભાઇ સોલંકી (રહે,વસ્ત્રાલ ગામ) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.આર.વસાવા ચલાવે છે.

## બળાત્કારની ફરીયાદ :- સમાચાર યાદી નં.૯૯૯/૧૫

વેજલપુર : વેજલપુર વિસ્તારમાં રહેતી ૧૯ વર્ષની યુવતીએ તા.૧૬/૫/૧૫ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આશરે દસેક મહિના અગાઉથી આજદિન સુધી આરોપી કિશન તુલસીજી વણઝારા(રહે.શાલપુરા, વેજલપુર) એ યુવતી સાથે પ્રેમ સબંધ બાંધી, લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી, યુવતીને આનંદનગર ખાતેની હોટલમાં, તેમજ સોમનાથ ખાતે લઇ જઇ યુવતીની મરજી વિરૂધ્ધ, શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ મ.પો.કમિ.શ્રી “એમ” ડીવીઝન ચલાવે છે.

ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૦૦૦/૧૫

શહેરકોટડા : ગીરધારીલાલ વર્ધીચંદ ચંડેલ (રહે, સરસપુર મીલનો બંગ્લોઝ, બાલાપીર દરગાહની સામે, સરસપુર) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૫/૧૫ સવારના ૧૧/૦૦ થી તા.૧૬/૫/૧૫ નાં કલાક ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન, પોતાના મકાનનાં દરવાજાના નકુચા તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા ૧,૦૪,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.વી.ડીંડોર ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુ :- સમાચાર યાદી નં.૧૦૦૧/૧૫

નરોડા : કિરીટભાઇ ગોવિંદભાઇ પટેલ (રહે : ગામ: બિલાસિયા, તા.દસ્ક્રોઇ, જી.અમદાવાદ) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતાના નાનાભાઇ પિયુષભાઇ (ઉ.વ.૨૬) તા.૧૬/૫/૧૫ બપોરનાં ૧૨/૩૦ વાગ્યાના સુમારે નરોડા હંસપુરા બસ સ્ટેન્ડ સામેથી પોતાનું મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એ.એમ.ટી.એસ.બસ નંબર જીજે.૧.ડી.એક્સ.૦૯૦૮ ના ચાલકે, બસ પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી, પિયુષભાઇનાં મોટર સાયકલને ટક્કર મારતાં, પિયુષભાઇને શરીરે ગંભીર ઇજાઓ થતાં, સારવાર દરમ્યાન પિયુષભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એલ.રાઠોડ ચલાવે છે.

આત્મહત્યા : સમાચાર યાદી નં.૧૦૦૨/૧૫

શહેરકોટડા : દશરથભાઇ રમેશભાઇ પટણી (ઉ.વ.૧૬)(રહે.જજ સાહેબની ચાલી, શારદાબહેન હોસ્પીટલની પાછળ, સરસપુર) એ તા.૧૫/૫/૧૫ બપોરનાં ૧/૦૦ વાગ્યાના સુમારે કોઇ અગમ્ય કારણસર પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી, ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.સોલંકી ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.